# આર્થિક સંકડામણ ચિંતા- મુંઝવણ, ઓછી થાય



વિક્રમ સંવત ૨૦૬૯માં વર્ષ દરમ્યાન શનિની સાડા સાત વર્ષની પનોતનો બીજો તબક્કો રૂપાના પાયે પસાર થવાના કારણે આપના હૃદય-મનની પ્રસન્નતા, આનંદ, ઉત્સાહમાં વધારો થાય તેવા કામ થાય રાહુ તા. ૨૩-૧૨-૨૦૧૨થી આપની રાશિમાં પરિભ્રમણ કરતાં અવારનવાર માનસિક પરિતાપ ચિંતા રહે પરંતુ તા. ૩૧-૫-૨૦૧૩ સુધી આપ આઠમા ગુરુના બંધનમાં રહેવાના કારણે શારીરિક- માનસિક અસ્વસ્થતા અનુભવો. તા. ૧૪ મે સુધીનો સમય આધિ- વ્યાધિ ઉપાધિનો એવો રહે કે મૃત્યુ ન થાય પરંતુ મૃત્યુજનક પરિસ્થિતિમાંથી દિવસો પસાર કરતા હોય તેમ લાગે. આકસ્મિક ઘાત, પીડા, અકસ્માત, આઘાત- પ્રત્યાઘાત તમારા જીવનમાં અનુભવો. તા. ૪- ૭- ૨૦૧૩ પછીનો સમય આપના માટે કાર્યસફળતા પ્રગતિનો રહે. અશક્ય કામ સફળ થાય આ વર્ષમાં ધર્મકાર્ય- શુભકાર્ય થાય. પરદેશ યાત્રા, ધર્મ યાત્રા થાય, પુત્રપૌત્રાદિકના વિવાહ- લગ્ન વિદ્યા ભણતર, નોકરી- ધંધાની પ્રગતિ સફળતાથી આનંદ અનુભવાય. તમારી આવકમાં, સુખ-શાંતિમાં વધારો થાય. બેસતા વર્ષનો, ભાઈબીજનો દિવસ તન- મન- ધનથી વાહનથી સંભાળવો. કોઈ પણ કામમાં ઉતાવળ, ઉશ્કેરાટ, ગુસ્સો- વિવાદ કરવો નહીં. આરોગ્ય સાચવવું.

## આરોગ્ય - સુખાકારી :

વર્ષારંભથી વર્ષના મધ્યભાગ સુધી આપ આઠમા ગુરૂના બંધનમાં રહેવાના કારણે અવારનવાર શારીરિક, માનસિક અસ્વસ્થતા જણાય, આપ હરો ફરો પરંતુ સ્ફૂર્તિ, શક્તિ, આનંદ ઉત્સાહ જણાય નહીં. તા. ૨૩-૧૨-૨૦૧૨થી માનસિક પરિતાપની શરુઆત થાય જેઓ મસ્તક પીડા વર્ટિગોની અસર રહેતી હોય તેમને ચક્કરથી, પડવા વાગવાથી સંભાળવું પડે. અગાઉ કોઈ બીમારી આવેલી હોય કે પડવા વાગવાથી માથામાં ઈજા થયેલી હોય, તાવમાં ખેંચ- તાણ આવી ગયેલી હોય તેમને નાની મોટી ચિંતા, બીમારી ખર્ચ ચાલ્યા કરે તે સિવાય વ્યસની વ્યક્તિને, પાન- મસાલા, ગુટકા, દારૂ, નશીલી ચીજવસ્તુનું સેવન કરનારને કેન્સરની ઘાતક બીમારીની શરુઆત થાય. બી.પી.ની, ડાયાબીટીસની વધઘટમાં જ્ઞાનતંતુની સુષુપ્તતા કે બ્રેઈન હેમરેજના વ્યાધિની અસરથી તકલીફ અનુભવાય. મસ્તકમાં પાણીનો ભરાવો- ગાંઠ પીડા આપનાર બની રહે. યુવાન વર્ગને, નાના બાળકને પડવા વાગવાથી મસ્તકમાં ઈજા થાય. તા. ૨૩-૫-૨૦૧૩થી તા. ૪-૭-૨૦૧૩ દરમ્યાન કમરની તકલીફ, મણકાની ગાદીની, હાડકાની તકલીફ, ફ્રેક્ચરના કારણે ઉઠવા- બેસવામાં, સુવામા તેમજ પોતાના રોજીંદા કામમાં રૂકાવટ, મુશ્કેલી અનુભવવી પડે, આંખમાંથી પાણી આવી જાય.

તા. ૧૪-૫-૨૦૧૩થી તા. ૩૧-૫-૨૦૧૩ દરમ્યાન જેમનુ જન્મનું વર્ષ બદલાતું હોય તેમને વિશેષ પીડા વ્યાધિ અનુભવાય. અગ્નિથી, દાઝવાથી, અકસ્માતથી, એસીડીટી, વોમેટ, અલ્સર વગેરેમાં ધ્યાન આપવું પડે. બી. પી., ડાયાબીટીસની સ્થિરતા જાળવી રાખવી, ખાવાપીવામાં હરવા ફરવામાં સંભાળવું પડે. લાંબા અંતરના યાત્રા- પ્રવાસમાં આરોગ્યની અસ્વસ્થતાના કારણે પ્રવાસ ટુંકાવવો પડે. તા. ૧૪ એપ્રિલથી તા. ૧૪મે દરમ્યાન પેટ- આંતરડાના- હોજરીના વ્યાધિના તકલીફમાં જણાય. કમરમાં, ગરદનમાં પીડા જણાય અનિદ્રા, હતાશા- નિરાશાના કારણે ઉપરોક્ત સમયમાં નકારાત્મક વિચારો આવ્યા કરે, આપના હૃદય-મનને શાંતિ- રાહત જણાય નહીં. વજન વધારે કે ઓછું થતું જણાય તો થાયરોડનું ચેકીંગ કરાવી લેવુ રેડ, વ્હાઈટ સેલ, હિમોગ્લોબીન ચેક કરાવી લેવું.

અષાડ, શ્રાવણ, ભાદરવામાં આરોગ્યની સુખાકારી સાનુકૂળતાવાળી રહે. આપના હૃદય- મનની પ્રસન્નતા, સ્ફૂર્તિ, શક્તિ તમને આનંદમાં રાખે. હતાશા- નિરાશા, દૂર થાય, ખાવાપીવાની, હરવા-ફરવાની રૂચિમાં, વજનમાં વધારો થાય, આસો સુદમાં નવરાત્રિ પર્વ આનંદનું રહે પરંતુ આસોવદમાં દિવાળી જેમ જેમ નજીક આવતી જાય તેમ તેમ શારીરિક- માનસિક શ્રમ- થાકની અસર મસ્તકમાં, કમરમાં અસર કરવાના કારણે સ્ફૂર્તિ, શક્તિ ઉત્સાહમાં ઘટાડો થાય, ટૂંકમાં આ વર્ષમાં આપે નિયમિતતા જાળવવી.

## આર્થિક સુખ-સંપત્તિ :

જેમ જેમ વર્ષ પસાર થાય તેમ તેમ તમારી આર્થિક સંકડામણ ચિંતા- મુંઝવણ, ઓછી થતી જાય. આ વર્ષના ઉત્તરાર્ધથી તમે હળવાશ, રાહત અનુભવી શકો, ખર્ચ- આવકના પાસા જાળવવામાં આપની બુદ્ધિશક્તિ, કુનેહ મહત્ત્વના રહેશે. આપનું આયોજન કરકસરપૂર્વકનું, બચત કરોની નીતિનું હશે તો આપને મુશ્કેલીનો સમય સરળતાથી પાર કરી શકાશે. અન્યની દેખાદેખીમાં ભપકામાં, દેખાડો કરવામાં બિનજરૂરી ખર્ચાઓ કરનારને આઠમા ગુરૂ દરમિયાન ધોળા દિવસે તારા દેખાઈ જાય બેંક લોન ભરવામાં, અન્ય નાણાંની ચૂકવણીમાં તેમજ ઉઘરાણી પ્રાપ્ત કરવા માટે ફાંફા મારવા પડે. આમ તેમ દોડવા છતાં કોઈ સગા-સંબંધી ગ્રાહક વર્ગ તરફથી, બેંક તરફથી સહાનુભૂતિ મદદ પ્રાપ્ત થાય નહીં.

તમારી રોજીંદી, માસિક જે આવક હોય તે જાળવી રાખવાનો પ્રયત્ન હીતાવહ રહેશે. વધુ કમાવાના તમારા અરમાનો, પ્રયત્નો, ઈચ્છાઓને હજુ આપે આ વર્ષમાં સંયમિત રાખવા જરૂરી રહેશે. તે સિવાય જુલાઈ મહિનાથી તમે હળવાશ રાહત પ્રાપ્ત કરવા જાવ. તમારી આવકમાં વધારો થાય, સ્થગિત થઈ ગયેલી આવક શરુ થાય. ઉઘરાણીના નાણાં છૂટા થતા જાય. પુત્ર-પૌત્રાદિકની પરિવારની આવકમાં તમને કોઈ તકલીફ પડે નહીં. તમારા પોતાના અર્થોપાર્જનથી પરિવારને રાહત રહે. બચતના નાણાં રોકી શકો દેવાની ચૂકવણી કરી શકો. મકાન- દાગીના- જમીન ગીરવે મુકેલ હોય તો તેમાં જૂન સુધીનો સમય તમારે સંભાળવો પડે, સાચવવો પડે. ઉપરોક્ત સમય દરમિયાન તમે ટકી જાવ, તમારી ચીજવસ્તુ ટકી જાય તે અગત્યનું સમજવું તે સિવાય ઉપરોક્ત સમય સુધી તમારી હિંમત, ધીરજ, કુનેહ, મહેનત, આવડત, બુદ્ધિશક્તિ તેમજ અન્યના સહકારથી- મદદથી ટકી જાય તે માટે તમારી ભક્તિ-પૂજા મંત્રજાપ, આધ્યાત્મિક સબળતા જરૂરી રહેશે. તમારા જન્મના બળવાન ગ્રહયોગ તમને મદદરૂપ થઈ શકશે. વર્ષનો ઉત્તરાર્ધ તમારા ભાગ્ય પરિવર્તનનો શરુ થાય. ચિંતા- આપત્તિ એક પછી એક ઓછી થતી જાય. એક પછી એક પ્રશ્ન ઉકેલાતા જાય. તમારી પોતાની આવક શરુ થાય. પરિવારની આવક શરુ થાય. નસીબ યારી આપવાનું શરુ કરે. તમારી હતાશા- નિરાશા તેમજ બંધનમાંથી મુક્ત થતા જાવ. ગીરવે મુકેલી મિલ્કત દાગીના છૂટા થતા જાય. બાંધી મુઠ્ઠી લાખની તમારી જળવાઈ રહે. તમારા વિકટ સમયમાં તમારાથી દૂર જનારા તમારી પ્રશંસા કરવા લાગે. તમારી નજીક આવવાનો પ્રયત્ન કરે પરંતુ તમારી આરોગ્ય સુખાકારી જાળવવી જરૂરી રહેશે.

## પત્ની- સંતાન- સુખ :

રૂપાના પાયે શનિની પનોતીનું પરિભ્રમણ તેમજ તા. ૩૧-૫-૨૦૧૩થી ગુરૂ ગ્રહની પ્રબળતા પત્ની- સંતાન- પરિવારના સુખ- પ્રગતિમાં વધારો કરાવે પરંતુ તા. ૧૪-૧-૨૦૧૩થી તા. ૧૨-૨-૨૦૧૩ દરમ્યાન સગા, સંબંધી- મિત્રવર્ગમાં કારણે તમારી ચિંતા- વ્યથામાં વધારો થાય. હૃદય-મનની વ્યગ્રતા રહે. આક્ષેપ- અપયશ વિવાદથી સંભાળવું. પુત્ર- પૌત્રાદિકના પ્રશ્નમાં તા. ૧૪ જાન્યુઆરીથી તા. ૧૪ માર્ચ સુધીનો સમય માનસિક પરિતાપવાળો રહે. પુત્ર- પૌત્રાદિકના વિદ્યા-ભણતર, વિવાહ-લગ્ન આરોગ્યના પ્રશ્ને ચિંતા જણાય તા. ૧૪ એપ્રિલથી તા. ૧૪ મે સુધીનો સમય સાંસારિક પ્રશ્નમાં વિવાહ લગ્નના પ્રશ્નમા, પ્રેમ મિત્રતા, લાગણીની નિકટતાના સંબંધ- પરિવાર આડોશપાડોશ તમારી ટીકા- ટીપ્પણ કરાવે તે સિવાય તા. ૩૧-૫-૨૦૧૩ પછી ગુરૂ ગ્રહની પ્રબળતા પત્ની-સંતાન- પરિવારના પ્રશ્ન ઉકેલવામાં સફળતા અપાવે. અવિવાહિને વિવાહ- લગ્નનું નક્કી થાય. પ્રેમ- મિત્રતામાં લગ્ન પ્રસ્તાવ અંગે વિચારવું પડે. પુત્ર- પૌત્રાદિકની પ્રગતિ- સફળતાથી આનંદ રહે. તમે ચિંતામુક્ત થતા જાવ. પરદેશમાં રહેતા પરિવાર, સંબંધથી આ વર્ષમાં પરદેશ જવાની તક પ્રાપ્ત થાય. પત્ની સંતાનને મસ્તક- કમરની દર્દપીડાથી સંભાળવું પડે. ટૂંકમાં વર્ષનો ઉત્તરાર્ધ પત્ની- સંતાન સુખની પ્રાપ્તિનો પ્રગતિનો જણાય.

## નોકરીમાં વર્ષ કેવું પસાર થાય ? :

નોકરીમાં અગ્નિ પરીક્ષાના અંતે શાંતિ, હળવાશ, જણાય તમારી મહેનતના ફળ બીજા લઈ જાય તેવી પરિસ્થિતિ સંજોગોથી તમને હતાશા- નિરાશા અનુભવાય પરંતુ જેમ જેમ વર્ષ પસાર થાય તેમ તેમ તમારી આધિ- વ્યાધિ- ઉપાધિ અગ્નિપરીક્ષા પૂરી થાય અને જિંદગીનો એક નવો તબક્કો સફળતા- પ્રગતિનો શરુ થાય.

જેમને નોકરી ન હોય, આવક ન હોય અથવા તો નોકરી છૂટી ગઈ હોય, આવક સ્થગિત થઈ ગઈ હોય તેમને તા. ૩૧-૫-૨૦૧૩ સુધી હજુ અગ્નિપરીક્ષામાંથી સમય પસાર કરવો પડે પરંતુ ત્યાર પછી ભાગ્ય પરિવર્તનની શરુઆત થાય અને તમારી મહેનતનું શુભ ફળ મેળવી શકો. જેમનું જન્મવર્ષ ૨૫, ૨૬, ૨૮, ૩૩, ૩૮, ૪૦, ૪૫, ૪૬, ૪૭, ૫૦, ૫૨, ૫૭ વૈશાખથી આસોમાં પસાર થતું હશે તેમને આકસ્મિક સારી તક પ્રાપ્ત થાય. નોકરીમાં યશ- પદ- ધનની પ્રાપ્તિ થાય સ્થળ, સ્થાન પરિવર્તનથી માનસિક પરિતાપ રહે, સાંસારિક પ્રશ્ને, સંતાનના વિદ્યા ભણતરના પ્રશ્ને ચિંતા રહે પરંતુ જેમ જેમ સમય પસાર થશે તેમ તેમ તમારી પ્રગતિ- સફળતા આવક પરિવારની ચિંતા- મુંઝવણમાં ઘટાડો કરાવે. તમારી ભાવિ કારકીર્દિનો માર્ગ મોકળો થાય. તમે પોતે આનંદ ઉત્સાહથી, સત્ય પ્રતિષ્ઠા, પ્રમાણિકતાથી તમારી ફરજ અદા કરી શકો. ઉપરી અધિકારીનું સ્થળાંતર થવાથી, ખાતાની ફેરફારી થવાથી તમારા માનસિક તણાવ- ચિંતા ઓછા થાય. બઢતી- બદલી- પગાર વધારાનો માર્ગ મોકળો થાય, સરકારી ખાતાકીય સંસ્થાકીય રૂકાવટવાળો પ્રશ્ન ઉકેલાય. વિવાદવાળા પ્રશ્નમાં સમાધાન થાય, તપાસ બંધ થતા હળવાશ, રાહત અનુભવો.

તા. ૪-૭- ૨૦૧૩ પછી નોકરીમાં ફેરફારીના સંજોગો ગતિમાન બને. જેમને નોકરી ન હોય તેમને નોકરી મળે સરકારી ખાતામાં, બેંકમાં, ખાનગી સંસ્થામાં નોકરી હોય તેમને ઉચ્ચ હોદ્દાની નોકરી પ્રાપ્ત થાય. ન્યાયતંત્રમાં, પોલીસ ખાતામાં નોકરી કરનારે તા. ૪ જુલાઈ સુધીનો સમય સાવધાનીથી સતર્કતાથી પસાર કરવો પડે. લાંચ-ભ્રષ્ટાચાર કે ખોટું કામ કરવામાં સસ્પેન્ડ થવું પડે. શિક્ષા- આક્ષેપ- અપયશ- વિવાદનો ખાતાકીય તપાસનો સામનો કરવો પડે. કોઈ સ્ત્રી વર્ગના પ્રભાવમાં, વાતોમાં કે દબાણ- ભયમાં તમે મુશ્કેલીમાં આવી ન જાવ તેનું અવશ્ય ધ્યાન રાખવું. ઈન્કમટેક્સની કામગીરીમાં આળસ- બેકાળજી રાખવી નહીં તે સિવાય વારંવારની રજા, તમારી ગેરહાજરી, બહારની, બહારગામની કામગીરીને ઓફિસમાં ઓછી હાજરી તા ૪ જુલાઈ સુધીમાં ધોળે દિવસે તાળા દેખાડી જાય.

## ધંધામાં વર્ષ કેવું પસાર થાય ?

ધંધામાં સલામતી, સાવધાની રાખીને આપે તેમજ આપના ધંધાને ટકાવી રાખવો જરૂરી રહેશે મનુષ્યસર્જિત તમારી અપેક્ષાઓ- લોભ- લાલચ- ખોટી નીતિરીતિથી તમને ધોળે દિવસે તારા દેખાઈ જાય. મોટું નુકસાન થઈ જાય. વર્ષારંભથી વર્ષના મધ્યભાગ સુધીનો સમય તન- મન- ધનથી સંભાળી ધંધો કરવો. તમારી ઉંઘ હરામ થઈ જાય તેવો ધંધો કરવો નહીં આ વર્ષમાં હરીફ વર્ગના કારણે કૌટુંબિક, બીમારી, વિવાદના કારણે, વહેંચણી, વેચાણ- ભાગલાને લીધ ધંધાકીય તકલીફો એક પછી એક એવી આવતી જાય કે જેથી અસ્તિત્વ ટકાવી રાખવાનો પ્રશ્ન ઉપસ્થિત થય. તમારી શારીરિક- માનસિક શિથિલતાના કારણે પરવશ થઈ જાવ. અન્ય પર આધારિત રહેવામાં તમારો ધંધો- આવક ઓછા થતા જાય તેમજ તમારો ધંધો અન્યના હાથમાં સરકતો જાય. તા. ૪-૭- ૨૦૧૩ સુધીનો સમય આરોહ- અવરોહનો, અગ્નિ પરીક્ષાનો રહે. ત્યાર પછી તમે હળવાશ અનુભવો પરંતુ તે પહેલા તમારું અને તમારા ધંધાનું ભાવિ નક્કી થઈ જાય અને શૂન્યમાંથી સર્જન કરવાનો સમય આવી જાય. તા. ૩૧-૫- ૨૦૧૩ સુધી તો આપ મૃત્યુજનક પરિસ્થિતિમાં અટવાયા કરો. દેવાના, વ્યાજના ચક્કરમાં તમારી હાલત નહીં ઘરના કે નહીં ઘાટના જેવી થઈ જાય.

જેમનો ધંધો બંધ થઈ ગયો શૂન્યમાંથી સર્જન કરવાનું હોય તેમને તા. ૪- ૭-૨૦૧૩થી સાનુકૂળ સંજોગો ગોઠવાતા જાય અને ધંધાની, ધંધાની આવકની શરુઆત થાય. શનિની પનોતી રૂપાના પાયે અને નવમો ગુરૂ તમારા ભાગ્યોદયની, ભાગ્ય પરિવર્તનની શરુઆત કરાવે. જિંદગીનો અગ્નિ પરીક્ષાનો એક તબક્કો પૂરો થાય અને કારકિર્દીનો નવો તબક્કો શરુ થાય. અષાડ, શ્રાવણમાં સારી તક પ્રાપ્ત થાય, ઓફર આવે, કૌટુંબિક, બંધન- ચિંતામાંથી મુક્ત થાવ સ્વતંત્ર રીતે તમે તમારી જિંદગીનું આયોજન શરુ કરી શકો. પુનઃ તમારો આત્મવિશ્વાસ પ્રાપ્ત કરી શકો. હતાશા- નિરાશામાંથી મુક્ત થઈ શરુ કરી શકો અને તે તમારી મહેનત સાર્થક થાય.

## સ્ત્રી વર્ગ :

રૂપાના પાયે શનિની પનોતી તમારા સાંસારિક જીવનમાં આનંદ ઉત્સાહની શરુઆત કરાવે. પરંતુ તા. ૩૧-૫-૨૦૧૩ સુધી પતિ- સંતાનના પ્રશ્નમાં ચિંતા અનુભવાય. પતિના આરોગ્યની, નોકરી- ધંધાની, કુટુંબ પરિવારની ચિંતાના કારણે આપને શાંતિ, રાહત જણાય નહીં. પ્રેમ- મિત્રતા- લાગણીના સંબંધમાં વિશ્વાસઘાત- દગો- વિયોગ થાય. તમારી અપેક્ષા, ધારણા કરતા અવળું બને.

## વિદ્યાર્થી વર્ગ :

આ વર્ષના પ્રારંભથી ભણવામાં ધ્યાન આપવું જરૂરી રહેશે તે સિવાય અભ્યાસ દરમ્યાન આરોગ્યની અસ્વસ્થતા કે પડવા વાગવાના કારણે, ફ્રેક્ચર લીધે, કૌટુંબિક પ્રતિકૂળતાના કારણે ભણવામાં એકાગ્રતા જળવાય નહીં. પરીક્ષા સમયે માનસિક પરિતાપ રહે. તા. ૪-૭-૨૦૧૩ સુધી વિદ્યાશાખા- વિદ્યાસંસ્થાના પ્રશ્ને મુશ્કેલી અનુભવો. પ્રેમ- મિત્રતા- લાગણીના વિચારોમાં સમયનો વ્યય થાય, વાંચેલું યાદ રહે નહીં. મિત્રતાના કારણે તમારી વિદ્યાશાખા, વિદ્યાસંસ્થાની પસંદગી તમારી કારકિર્દીને માટે નુકસાનકર્તા બને નહીં તેનું ધ્યાન રાખવું, તા. ૪ જુલાઈ પછી ભણવામાં સાનુકૂળતાની શરુઆત થાય સફળતા મળે.

## ખેડૂત વર્ગ :

ખેડૂત વર્ગને આ વર્ષમાં જમીન, વાહન ખરીદી થાય. વર્ષમાં ઉત્તરાર્ધ પુત્ર- પૌત્રાદિકની પ્રગતિ રહે. ધર્મકાર્ય, શુભકાર્ય થાય, પરંતુ આરોગ્યની કાળજી રાખવી જરૂરી રહેશે. ખેતીવાડીમાં વર્ષના મધ્યભાગ સુધીનો સમય નુકસાની ચિંતા- ઉપાધિનો રહે. ચોમાસુ પાકમાં, આવકમાં સાનુકૂળતા રહે. સરકારી, ખાતાકીય કામકાજમાં ધંધામાં પીછેહઠ થતા નુકસાન કરવું પડે.

## ઉપસંહાર :

જનરલ સારાંશ એ જ કે તમારા જન્મના ગ્રહયોગોની પ્રબળતા, પત્ની સંતાન પરિવારના ગ્રહયોગ તેમજ ભક્તિ- પૂજા- ઉપાસના, પ્રમાણિકતા, તેમજ બીમારીના નાણાંભીડના કે અન્ય મુશ્કેલીના ચક્કરમાંથી ઉગારશે પરંતુ હૃદય-મનની આંતરિક કપટતા, ખોટું કરવાની નીતિ, લોભ- લાલચ, સ્વાર્થની નીતિ, ઘમંડ, અહમ, જીદ મમત, ઉશ્કેરાટ, વિવાદ તમારા પતનમાં કે મુશ્કેલીમાં વધારો કરાવે કે જે તમે ન સહી શકો કે ન કોઈને કહી શકો. શારીરિક કષ્ટપીડાના બંધનમાં, માનસિક, હતાશા, નિરાશામાં તમે ઉંઘી શકો નહિ તે સિવાય જુલાઈથી વર્ષના ઉત્તરાર્ધ સુધીમાં ચિંતા- વ્યાધિમાંથી મુક્ત થાવ, આનંદ અનુભવો.